નવા રચાયેલ ૬(છ) જીલ્લાઓમાં સમાજ કલ્યાણ અધિકારી
(વિકસતી જાતિ)ની કચેરીઓ શરૂ કરવા બાબત.
મહેકમ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૫૯૮/ન.બા.૧૨/અ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૩/૨૦૦૧.

વંચાણે લીધાઃ– (૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરનો તા.૧૧/૧૨/૯૮નો પત્ર ક્રમાંક : વિજાક/મકમ/૯૮–૯૯/૨૫૩૮.

ઠ રા વ

મહેસુલ વિભાગની તા.૧૫/૧૦/૯૭ની અધિસૂચનાઓ અન્વયે વલસાડ, ભરૂચ, પંચમહાલ, ખેડા, મહેસાણા અને જુનાગઢ જિલ્લાઓનું વિભાજન કરીને અનુક્રમે નવસારી, નર્મદા (રાજપીપળા) , દાહોદ, આણંદ, પાટણ અને પોરબંદરના છ નવા જિલ્લાઓની રચના કરવામાં આવેલ છે. આ નવા જિલ્લાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, લઘુમતીઓ, આર્થિક પછાત વર્ગ અને વિચરતી અને વિમુક્ત જાતિઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય વિષયક વિકાસ અને ઉત્કર્ષ માટે રાજય સરકારની વિવિધ યોજનાઓના સંકલન અને સુગઠિત અમલની કામગીરી માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ)ની છ (૬) નવી કચેરીઓ શરૂ કરવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ દવારા ૧૯૯૯–૨૦૦૦ના વર્ષમાં નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત રાજય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણા કર્યા પછી ઉપર જણાવેલ છ(૬) નવા જિલ્લાઓમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ)ની કચેરીઓ શરૂ કરવા માટે નીચે મુજબનું મહેકમની નવી જગ્યાઓ તા.૨૮/૨/૨૦૦૨ સુધી ઉપસ્થિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અ.નં. | સંવર્ગ | જિલ્લાદીઠ મંજૂર થયેલ જગ્યા | કુલ જગ્યા |
|---|---|---|---|
| ૧. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) વર્ગ–૨ પ.ધો.રૂા.૬૫૦૦–૧૦૫૦૦ | ૧(એક) | ૬(છ) |
| ૨. | હેડ કલાર્ક, વર્ગ–૩ પ.ધો. રૂા.૫૦૦૦–૮૦૦૦ | ૧(એક) | ૬(છ) |
| ૩. | ડ્રાઈવર–કમ–પટાવાળા (ફીકસ પગાર રૂા.૨૫૦૦) | ૧(એક) | ૬(છ) |
| ૪. | સીનીયર કલાર્ક, વર્ગ–૩ પ.ધો.રૂા.૪૦૦૦–૬૦૦૦ | ૧(એક) | ૬(છ) |

૩. ઉપર દર્શાવેલ ક્રમાંક(૨) હેડકલાર્કની નવી ઉભી કરાયેલ જગ્યાઓ બઢતીથી ભરવાની રહેશે. ક્રમાંક (૪) ઉપરની જગ્યા મુળ જિલ્લામાંથી નવા જિલ્લામાં તબદિલ કરીને ભરવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ "માંગણી નં.૯૦, સદર – ૨૨૨૫–અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ – ૦૩ – પછાત વર્ગોનું કલ્યાણ – ૦૧–ર્નિદેશ અને વહીવટ – બી.સી.કે.૧૨૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું " એ સદર માટે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

૫. આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૩૧/૩/૨૦૦૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમ થી અને તેમના નામે,

(પી.એમ. પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દવારા)
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુ.વિધાનસભા, ગાંધીનગર.
માનનીય નાણાં મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી, સા.શૈ.પ.વર્ગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય નાયબ મંત્રીશ્રી, સા.શૈ.પ.વર્ગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.અને અ.વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, જુના સચિવાલય, ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
જિલ્લા નાયબ નિયામકશ્રી, અમદાવાદ , રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત, અમદાવાદ/રાજકોટ
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
વિભાગની જ, અ–૧, ગ અને બજેટ શાખાઓ
નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઈલ
સિલેકટ ફાઈલ.